# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : Tuesday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગર ખાતેથી રાજ્યને પાંચ હજાર 536 કરોડના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપશે.. સિંદૂર સન્માન યાત્રા પણ યોજશે
2) પ્રધાનમંત્રીએ ગઇકાલે દાહોદમાંથી 24 હજાર કરોડ અને ભૂજમાં 53 હજાર કરોડ કરતાં વધુના વિકાસ કાર્યોનુ લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું
3) અમદાવાદમાં ગત રાત્રે પ્રધાનમંત્રીના યોજાયેલા રોડશોમાં દેશભક્તિનું અનેરૂ વાતાવરણ સર્જાયું
4) અમદાવાદ ક્રાઇમ બ્રાંચે 52 લાખ રૂપિયા કરતાં વધુની કિંમતનો માદક પદાર્થ ઝડપ્યો
5) અમૂલ ડેરીએ દૂધના પ્રતિકિલો ફેટ દીઠ દસ રૂપિયાનો વધારો કરતાં પશુપાલકોને ફાયદો
6) હવામાન વિભાગે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું.

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આજના રાજ્યના પ્રવાસના બીજા દિવસે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. જેમા નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજે 672 કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે.પ્રસ્તુત છે અમારા ગાંધીનગરના પ્રતિનિધિનો એક વિસ્તૃત અહેવાલ ..

(વોઇસ કાસ્ટ – દુર્ગેશ મહેતા , ગાંધીનગર)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR SINDOOR SANMAN YATRA

ગાંધીનગર શહેરમાં આજે        સવારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સિંદૂર સન્માન યાત્રા યોજાઇ રહી છે. મોટી સંખ્યામાં ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારના લોકો આ યાત્રામાં ઉમટશે ત્યારે આ યાત્રાના રૂટનું ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગઇકાલે મોડી રાત્રે નિરીક્ષણ કર્યું હતું..હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ભારતીય સૈન્યના સાહસ શોર્ય અને પરાક્રમને વધાવવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે.

**(બાઇટ- હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)**

. . . . . . . . . . . . .

# PM BARODA BHUJ DAHOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઇકાલથી રાજ્યના બે દિવસના પ્રવાસે ત્યારે તેમણે વડોદરાથી પ્રવાસનો આરંભ કરીને ભવ્ય રોડ શો યોજ્યો હતો.. ઓપરેશન સિંદૂરની સફળતા બદલ ભારતીયે સૈન્યને બિરદાવવા માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા..વડોદરા બાદ પ્રધાનમંત્રી દાહોદ પહોંચ્યા હતા જ્યાં તેમણે 24 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણએ સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન અને દાહોદ-વલસાડ ઇન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું જ્યારે ગોધરા-આણંદ વચ્ચે 78 કિમી લાબી રેલવે લાઇનનું ડબલિંગ કરવામાં આવ્યું છે તેનું પણ લોકાર્પણ કર્યું હતું.

દાહોદના કાર્યક્રમ બાદ તેઓ ભૂજ પહોંચ્યા હતા જ્યાં તેમણે સરહદી જિલ્લા કચ્છના ભુજમાં એક જાહેરસભા સંબોધતા , પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાન પર પોતાના ફાયદા માટે તેના યુવાનોના ભવિષ્યનો નાશ કરવાનો આરોપ લગાવ્યો. પ્રધાનમંત્રીએ ભુજમાં 53 હજાર 400 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો..

. . . . . . . . . . . . .

# PM AHD ROAD SHOW

**ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવેલા પ્રધાનમંત્રીએ ગઇકાલે મોડી રાત્રે અમદાવાદમાં રોડ શો યોજ્યો હતો.. દાહોદ અને કચ્છની મુલાકાત બાદ ગાંધીનગર રાજભવનમાં તેમના રાત્રી રોકાણ અગાઉ અમદાવાદ શહેરમાં યોજાયેલા રોડ શોમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા હતા અને અમદાવાદીઓએ 'ઓપરેશન સિંદૂર 'ના સાહસ , શૌર્ય અને પરાક્રમને વધાવાયું હતું..** અમદાવાદમાં એરપોર્ટ આઇકોનિક રોડ પર યોજાયેલા રોડ શોમાં **જયઘોષ સાથે લોકોએ** ભારતીય સેનાની શૌર્યપૂર્ણ કામગીરી અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા વિવિધ ટેબ્લો, રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતા હોર્ડિંગ્સ , દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને વાતાવરણને દેશભક્તિમય બનાવ્યું હતું. તિરંગાની થીમ પર કરવામાં આવેલી શાનદાર રોશનીથી એરપોર્ટ આઇકોનિક રોડ ઝળહળી ઊઠયો હતો.

અમદાવાદ ખાતેના રોડ શો સંપન્ન કરીને ગાંધીનગર રાજભવન પહોંચેલા પ્રધાનમંત્રીનું રાજ્યપાલે સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AHMEDABAD DRUGS

અમદાવાદ શહેર ગુના શાખાએ 525 ગ્રામ માદક પદાર્થ પકડ્યો છે. ACP ભરત પટેલ જણાવ્યું કે આ માદક પદાર્થની કિંમત સ્થાનિક બજારમાં 52 લાખ રૂપિયાથી વધુની છે. આરોપીઓ આ માદક પદાર્થ રતલામથી લાવ્યા હોવાનું બહાર આવ્યું છે. શહેર પોલીસ ઘણા દિવસોથી માદક દ્રવ્યોના દૂષણ સામે ઝુંબેશ ચલાવી રહી છે.

---------------

# AMUL DAIRY FAT RATE RISE

અમૂલ ડેરી દ્વારા દૂધના ખરીદભાવમાં પ્રતિ કિલો ફેટ ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. જ્યારે પશુદાણના ભાવમાં ૭૦ કિલોની બેગ પર ૩૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.અમૂલ ડેરીના ચેરમેન વિપુલ પટેલે જણાવ્યું કે, પહેલી જૂનથી દૂધ ઉત્પાદકોને આ વધારાનો લાભ આપવામાં આવશે. હવે વધારા સાથે ૮૬૫ રૂપિયા ચૂકવવામાં આવશે. જેનો લાભ અમૂલ ડેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતાં આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના ૭ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને મળશે. આ સાથે અમૂલ ડેરી ગુજરાતની તમમ ડેરીમાં સર્વોચ્ચ દૂધના ભાવ આપતી સંસ્થા બની છે.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે આગામી બે ત્રણ દિવસ રાજ્યમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી.

આજે બનાસકાંઠા , પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસામાં અલગ-અલગ સ્થળોએ જ્યારે દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં જેમ કે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં અને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં એટલે કે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

**(બાઇટ : એકે દાસ)**

રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદ ને કારણે કૃષિ પકોને નુકસાન થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે બાજરી માંગ તલ અડદ જેવા ઉનાળુ પાકોને નુકસાન ની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

દરમિયાન રાજ્યના અનેક શહેરોમાં કાળઝાળ ગરમી અને ઉકળાટથી લોકો ત્રાહિમામ બન્યા છે. પાટણ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનનો પારો ઊંચકાતા ગરમી માઝા મૂકી રહી છે. બપોર સુધીમાં તો તાપમાન 45 ડિગ્રી આસપાસ પહોંચી જતાં બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. સાંજ સુધી ગરમી વર્તાતી હોઈ જનજીવન પર પણ તેની અસર જોવા મળી રહી છે.

જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી અસહ્ય ગરમી વર્તાતી હતી, ત્યારે રાઠ વિસ્તારમાં રાત્રે ભારે પવન ગાજ વીજ સાથે સવાર સુધી વરસતા નદી કોતરોમાં પણ પાણી વહેતા થયાં છે, જો કે વરસાદ વરસતા લોકોને અસહ્ય ગરમીમાંથી મુક્તિ મળી છે . . . . . . . . . . .

# AMBAJI CORONA WARD

બનાસકાંઠા જિલ્લામાં પણ કોરોનાનો પોઝેટીવ કેસ મળી આવતા તંત્ર સક્રિય બન્યું છે.. શક્તિપીઠ અંબાજી ધામમાં વિવિધ પ્રાંતોમાંથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે તેવા માં કોરોના જેવી બાબતને લઇ અંબાજીનું સબ ડીસ્ટ્રીકટ જનરલ હોસ્પિટલ પણ પોતાની તૈયારીમાં લાગી ગયું છે, અંબાજીની આ આદ્યશક્તિ જનરલ હોસ્પિટલમાં 10 ICU બેડ સાથે આઇસોલેશન વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે તેમ હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર વાય કે મકવાણાએ જણાવ્યું હતું..

**(બાઈટ- ડૉ.વાય કે મકવાણા, સુપ્રિટેન્ડેન્ટ, હોસ્પિટલ અંબાજી)**

. . . . . . . . . . . . .